# અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

ડૉ. એન. એલ. પટેલ
આચાર્ય અને ડીન

ફોન : (૦૨૬૩૭) ૨૮૨ ૭૪૫ (ઓ)
ફેક્ષ : (૦૨૬૩૭) ૨૮૨ ૧૪૫
મો. : ૦૯૮૨૫૫ ૩૯૩૮૫


---

જા.નં./અબાવકોન/ એસઆરસી/ ૨૪૮૯૬-૯૦૧ / ૨૦૧૨ તા. ૧૦/૧૦/૨૦૧૨
નવસારી

અધ્યક્ષશ્રી,
વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદ,
ન. મ. કૃષિ મહાવિદ્યાલય,
ન.કૃ.યુ., નવસારી

અધ્યક્ષશ્રી,
વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદ,
વનબંધુ વેટરનરી મહાવિદ્યાલય,
ન.કૃ.યુ., નવસારી

અધ્યક્ષશ્રી,
વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદ,
અસ્પી એ.બી.એમ. મહાવિદ્યાલય,
ન.કૃ.યુ., નવસારી

અધ્યક્ષશ્રી,
વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદ,
કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ
ન.કૃ.યુ., નવસારી

અધ્યક્ષશ્રી,
વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદ,
કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વઘઈ
ન.કૃ.યુ., નવસારી

અધ્યક્ષશ્રી,
વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદ,
કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી, સુરત
ન.કૃ.યુ., નવસારી

**વિષય:** આંતર મહાવિદ્યાલય સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજવા બાબત....

જય ભારત સહ ઉપરોકત વિષય અનુસાર જણાવવાનું કે સને ૨૦૧૨–૧૩ ની આંતર મહાવિદ્યાલય સાંસ્કૃતિક સ્પર્ધાઓ અત્રેની યુનિવર્સિટીના અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલયના યજમાનપદે તા. ૨૦/૧૦/૨૦૧૨ ના રોજ સાંજે ૩.૩૦ કલાકથી યુનિવર્સિટી ઓડીટોરીયમ ખાતે યોજવાનું નકકી કરેલ છે. વધુમાં લીટરરી સ્પર્ધાઓ (Essay/ નિબંધ, Debate/ચર્ચા, Elocution/વકતૃત્વ, Extempore/શિઘ્ર વકતૃત્વ, Painting/ચિત્રકામ અને Poetry/કાવ્ય સ્પર્ધા) આજ દિવસે સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન સ્વામી વિવેકાનંદ હોલ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય ખાતે યોજાશે. આ સ્પર્ધાઓ માટેના સામાન્ય નિયમો આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. તો તે મુજબની આગળની જરૂરી કાર્યવાહી થવા જાણ સારૂ.

વધુમાં સ્પર્ધાઓમાં ભાગ લેનાર જે તે કોલેજના સ્પર્ધકોના સ્પર્ધાદીઠ એલીજીબીલીટી ફોર્મ બે નકલમાં તા. ૧૫/૧૦/૨૦૧૨ સુધીમાં અધ્યક્ષશ્રી, વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારીને મળી રહે તે રીતે મોકલી આપવાનાં રહેશે.

આચાર્ય અને ડીન
તથા પ્રમુખશ્રી
વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદ,
અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય,
ન.કૃ.યુ., નવસારી

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**
૧) નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિ, નકૃયુ, નવસારી
૨) આચાર્યશ્રી, ન. મ. કૃષિ/વનબંધુ વેટરનરી/અસ્પી એ.બી.એમ મહાવિદ્યાલય/ કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ/ કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વઘઈ/ કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી, સુરત નકૃયુ, નવસારી

# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## :: આંતર મહાવિદ્યાલય સાંસ્કૃતિક સ્પર્ધાઓ માટેના સામાન્ય નિયમો ::

| ક્રમ | સ્પર્ધાનું નામ | સામાન્ય નિયમો |
|---|---|---|
| ૧. | નાટક (ડ્રામા) | ➢ કોલેજ દીઠ એક નાટક રજૂ કરવાનું રહેશે. |
| | | ➢ સમય મર્યાદા ૩૦ મિનીટ રહેશે. |
| | | ➢ સ્પર્ધકોની સંખ્યા વધુમાં વધુ ૧૦(દસ) રહેશે. |
| | | ➢ નાટકનું નામ, લેખકની પરવાનગી, પાત્ર વરણી અને સ્ક્રીપ્ટ તારીખ ૧૫-૧૦-૨૦૧૨ સુધીમાં મોકલવાની રહેશે. |
| | | ➢ સ્ટેજ માટેની જરૂરી સાધન સામગ્રી સ્પર્ધક ટીમે પોતે લાવવાની રહેશે. |
| | | ➢ સ્ટેજની તૈયારી માટે સ્પર્ધા અગાઉ પાંચ મિનીટનો સમય આપવામાં આવશે. |
| ૨. | વેશભૂષા | ➢ સમય મર્યાદા ૦૨ મિનીટ રહેશે. |
| | | ➢ સ્પર્ધકોની સંખ્યા વધુમાં વધુ ૦૨(બે) રહેશે. |
| ૩. | એકપાત્રીય અભિનય | ➢ સમય મર્યાદા ૦૫ મિનીટ રહેશે. |
| | | ➢ સ્પર્ધકોની સંખ્યા વધુમાં વધુ ૦૨(બે) રહેશે. |
| ૪. | ફોક ડાન્સ | ➢ કોલેજ દીઠ એક ફોક ડાન્સ રજૂ કરવાનો રહેશે. |
| | | ➢ સમય મર્યાદા ૦૮ મિનીટ રહેશે. |
| | | ➢ સ્પર્ધકોની સંખ્યા વધુમાં વધુ ૧૦(દસ) રહેશે તથા વધુમાં વધુ ત્રણ એકમ્પનીસ્ટનો ઉપયોગ કરવાનો રહેશે. |
| | | ➢ આ સ્પર્ધામાં દૃશ્યશ્રાવ્ય (ઓડિયો-વિઝ્યુઅલ) સાધનોનો ઉપયોગ કરવાનો રહેશે નહિ. |
| | | ➢ આઈટમ રજૂ કરવા જરૂરી સાધન સામગ્રી સ્પર્ધક ટીમે પોતાની લાવવાની રહેશે. |
| ૫. | સમૂહગીત | ➢ કોલેજ દીઠ એક ગીત રજૂ કરવાનું રહેશે. |
| | | ➢ સમય મર્યાદા ૦૮ મિનીટ રહેશે. |
| | | ➢ સ્પર્ધકોની સંખ્યા વધુમાં વધુ ૦૭(સાત) રહેશે. |
| ૬. | માઈમ | ➢ કોલેજ દીઠ એક માઈમ આઈટમ રજુ કરવાની રહેશે. |
| | | ➢ સમય મર્યાદા ૦૫ મિનીટ રહેશે. |
| | | ➢ સ્પર્ધકોની સંખ્યા વધુમાં વધુ ૦૮(આઠ) રહેશે. |
| ૭. | નિબંધ,ચર્ચા વકતૃત્વ, શિઘ્રવકતૃત્વ, ચિત્રકામ અને કાવ્ય સ્પર્ધા | ➢ કોલેજ દીઠ બે વિદ્યાર્થી **વકતૃત્વ** સ્પર્ધામાં તથા બે વિદ્યાર્થી **શિઘ્રવકતૃત્વ** સ્પર્ધામા ભાગ લઇ શકશે.વકતૃત્વ ગુજરાતી/ હિન્દી/અંગ્રેજી ભાષામાં કરી શકાશે. તથા તેનો સમય પાંચ મિનીટનો રહેશે. |
| | | ➢ ચર્ચા(ડિબેટ) સ્પર્ધામાં કાલેજ દીઠ ચાર વિદ્યાર્થીઓ (બે તરફેણમાં તથા બે વિરુધ્ધમા બોલનારા ) ભાગ લઇ શકશે. પાંચ મિનીટની સમય મર્યાદામાં પોતાનાં વિચારો રજુ કરવાનાં રહેશે. |
| | | ➢ કોલેજ દીઠ બે નિબંધ, બે **ચિત્ર અને** બે **કાવ્ય** તારીખ ૧૫-૧૦-૨૦૧૨ સુધીમાં **મોકલવાનાં** રહેશે. નિબંધ **અને કાવ્ય** ગુજરાતી/હિન્દી/અંગ્રેજી ભાષામાં હાથેથી લખીને અથવા ડબલ સ્પેસમાં ટાઇપ કરીને ત્રણ કોપીમાં મોકલવા. |